વિભાગના ખાતાના વડાઓ મારફત રજૂ થતી દરખાસ્તો પ્રવર્તમાન નિયમોને સુસંગત અને યોગ્ય રીતે સરકારમાં રજૂ થવા બાબત.

ગુજરાત સરકાર,
આદિજાતિ વિકાસ વિભાગ.
પરિપત્ર ક્રમાંક: અનશ/૨૦૨૦૧૭/૪૬૯/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૫/૦૫/૨૦૧૭.

**વંચાણે લીધા:**

(૧) કમિશ્નરશ્રી, (આ.વિ.), ગાંધીનગરના તા.૨૪/૦૪/૨૦૧૭ ના પત્ર ક્રમાંક: આવિ/મકમ/૨/૨૦૧૭/૨૫૦૬ થી ૨૫૦૭

**પરિપત્ર:**

અનુભવે એવું ધ્યાનમાં આવેલ છે કે, વિભાગ કક્ષાએ ખાતાના વડાશ્રીઓની કચેરી તરફથી સરકારશ્રી ખાતે રજૂ થતી દરખાસ્તો અપૂરતા અભ્યાસ તેમજ સબંધિત નિયમોને સુસંગત હોય ના હોય તે મુજબની ઘટતી કાર્યવાહી સારુ સરકારશ્રીમાં રજૂ કરવામાં આવે છે. જે અયોગ્ય છે. સરકારશ્રીમાં દરખાસ્તો નીતિ વિષયક નિર્ણય અથવા તો મંજૂરી અર્થે રજૂ કરવામાં આવતી દરખાસ્તો જરૂરી ચકાસણી કર્યા બાદ સરકારશ્રીના પ્રવર્તમાન નીતિ નિયમો, પરિપત્રો, ઠરાવો વગેરેના સંદર્ભો અને તેને સુસંગત અને સ્વયંસ્પષ્ટ અભિપ્રાયસહિતની ભલામણ ખાતાના વડાશ્રીની મંજૂરી મેળવીને જ સરકારશ્રીને સાદર કરવી જોઈએ કે જેથી બીનજરૂરી પ્રત્યેક દરખાસ્તમાં બેક રેફરન્સ, પૃચ્છા અને પૂર્તતામાં વિલંબ નિવારી શકાય.

હવે પછી સરકારશ્રીમાં રજૂ કરવામાં આવતી તમામ પ્રકારની દરખાસ્તો સરકારશ્રીના પ્રવર્તમાન નીતિ નિયમો, પરિપત્રો, ઠરાવો વગેરેના સંદર્ભો તેમજ ખાતાના વડાની ભલામણ અને સ્વયંસ્પષ્ટ અભિપ્રાય સહિત મોકલી આપવા સર્વે ખાતાના વડાઓને તમામ સંબંધકર્તાઓને આ અંગેનું ચૂસ્તપણે પાલન થાય તેવો પ્રબંધ કરવા આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નરેન્દ્ર વાઘેલા)
સેકશન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ

D:\Ruchir Amin Work\Tharav\Kamkai GR.docx

(૫૧૬૭)

પ્રતિ,

સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી. આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

કમિશનરશ્રી, (આ.વિ.), બિરસામુંડા ભવન, ગાંધીનગર તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.

કાર્યપાલક નિયામકશ્રી, જી.એસ.ટી.ઈ.એસ., બિરસામુંડા ભવન, સેક્ટર-૧૦એ, ગાંધીનગર.

મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી-સેગ, બિરસામુંડા ભવન, સેક્ટર-૧૦એ, ગાંધીનગર.

કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ, બિરસામુંડા ભવન, સેક્ટર-૧૦એ, ગાંધીનગર.

નિયામકશ્રી, આદિવાસી સંશોધન અને તાલિમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ કમ્પાઉન્ડ, આશ્રમ રોડ, અમદાવાદ.

વિભાગના સર્વે અધિકારીશ્રી/શાખાઓ, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

શાખા સિલેક્ટ ફાઈલ.